# પત્રકાર જગતના ભિષ્મપિતામહ કાંતિ ભટ્ટનું મુંબઈમાં નિધન

**ગાંધીનગર સમાચાર પરિવારની ભાવભીની અંજલિ**



ગાંધીનગર, તા. ૪

પત્રકારની પાઠશાળા જેવા મૂળ ભાવનગર જિલ્લાના ઝાંઝરમેર ગામના વતની એવા કાંતિ ભટ્ટનું મુંબઈના કાંદીવલીમાં ૮૮ વર્ષની વયે નિધન થયુ છે. છ દાયકાથી વધુ સમયથી ગુજરાતી પત્રકારત્વ ક્ષેત્રે તેમણે હજારો લેખો લખ્યા છે અને લગભગ તમામ નાના-મોટા અખબારોમાં ટોચના કટાર લેખ લખ્યા હતા.

ગાંધીનગર સમાચારના આરંભિક કાળમાં સ્વ. કાંતિ ભટ્ટનું માર્ગદર્શન ગાંધીનગર સમાચાર માટે સંભારણું બની રહ્યું છે. સદગતને અંજલિ આપતા કૃષ્ણકાન્ત જહાએ જણાવ્યું હતું કે, કાંતિ ભટ્ટે હંમેશા પત્રકારત્વને પ્રેમ કર્યો છે. એટલું જ નહિ ગુજરાતી ભાષાના પત્રકારત્વને ખૂબ સમૃદ્ધ કર્યુ છે. ગાંધીનગર સમાચાર સદભાગી રહ્યું છે કે, સદગતનું હંમેશા માર્ગદર્શન મળતું રહ્યું છે અને ગાંધીનગર સમાચારના ઉછેરમાં કાંતિ ભટ્ટની હૂંફ અને પ્રેમ પણ મહત્વના રહ્યા છે. તેમના જવાથી ગુજરાતી પત્રકારત્વને ખૂબ મોટી ખોટ વર્તાશે.

શિક્ષક અને ખેડૂત પિતાના પુત્ર એવા કાંતિ ભટ્ટ ૧૫ વર્ષની ઉંમરે જ મહુવાના એક મેગેઝીનમાં તંત્રી બન્યા હતા. તેઓએ સહકારી ક્ષેત્રે પણ કામ કર્યુ હતુ. તેમણે ઝંકાર નામનું હસ્ત લિખિત સામયિક શરૂ કર્યુ હતુ.

૮૪ દેશોનો તેમણે પ્રવાસ કર્યો હતો. ૧૦ વર્ષ તેઓ મલેશિયામાં રહ્યા હતા. વડોદરામાં તેમણે કાકાની સાથે રહી બી.કોમ.નો અભ્યાસ કર્યો હતો. કર્મયોગ જ શ્રેષ્ઠ યોગ છે તેવુ તે માનતા હતા. ૧૯૮૬થી તેઓ મુંબઈ ખાતે સ્થિર થયા હતા. તેઓ વર્ષના ૧૦૦૦ લેખ સરેરાશ લખતા હતા. આયુર્વેદમાં તેમને અખૂટ શ્રદ્ધા હતી અને આયુર્વેદનું વાંચન પણ તેમણે ખુબ ઊંડાણપૂર્વક કર્યુ હતુ.

# શહેરમાં ત્રણ કલાકમાં પોણા ત્રણ ઈંચ વરસાદ

**મેઘરાજાએ ગાંધીનગર પર હેત વરસાવ્યુ : શનિવારે રાત્રિના આકાશમાં ગોરંભાયેલા કાળા ડીંબાંગ વાદળો મનમુકીને વરસ્યા : સેકટરો પાણીમાં ઘમરોળાયા : ઠેર ઠેર વૃક્ષો ધરાશાયી થયા : માટી પોલાણના લીધે અનેક ઠેકાણે મોટામસ ગાબડા પડયા : મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીથી નગરજનોમાં ખુશીની લહેર : આજે પણ વાદળિયા વાતાવરણ વચ્ચે ઝરમર વરસાદ વરસ્યો**

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં લાંબા વિરામ અને ઈન્તેજારીના અંતે શનિવારે રાત્રિના મેઘરાજાએ હેત વરસાવતા નગરજનોમાં ખુશીની લહેર વ્યાપી હતી. છેલ્લ બે ત્રણ દિવસથી ઝરમર વરસતા મેઘરાજા મનમુકીને વરસે તેની આશ ફળીભુત થતા જનજીવન ખુશહાલ જોવા મળ્યુ હતુ. સાંજના ૭ : ૩૦ વાગ્યે આકાશમાં ગોરંભાયેલા કાળા ડીંબાંગ વાદળો ધોધમાર વરસતા પલવારમાં જ સેકટરોમાં પાણી પાણી થઈ ગયુ હતુ. સમગ્ર શહેર વરસાદી પાણીમાં ઘમરોળાયુ હતુ.વરસાદના લીધે સકટરોમાં કેટલાક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. જયારે કેટલાક ઠેકાણે માર્ગો પર ભુવા પડવા સહીત માટી પોલાણના લીધે મોટામસ ગાબડા પણ અસ્તિત્વમાં આવ્યા હતા. સેકટરોમાં વરસાદી સમસ્યાઓ ડોકીયા કરતી નજરે પડી હતી. રાત્રિના ૧૦ વાગ્યા સુધીમાં પોણા ત્રણ ઈંચ વરસાદ વરસતા સાર્વત્રિક ઠંડકનુ મોજુ ફરી વળ્યુ હતુ.

ગાંધીનગરમાં લાંબા વિરામ અને ઈન્તેજારીના અંતે ગઈકાલે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી. સાંજે ૭ : ૩૦ કલાકે આકાશમાં ગોરંભાયેલા વાદળોએ ધોધમાર પાણી વરસાવી સેકટરોને ધમરોળી નાંખ્યા હતા.રાત્રિના ૧૦ વાગ્યા સુધી વરસાદ વરસતા નગરના મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગો પર વરસાદી પાણી ફરી વળ્યા હતા. જયારે લાંબા સમયથી વરસાદની વાટે રહેલા નગરજનો પણ બારીશમાં ભીંજાવાની મજા લેવા માટે માર્ગો પર નિકળી પડયા હતા. વિજયમકારા સાથે અચાનક જ મુડમાં આવેલા મેઘરાજાએ ૬૫ મી મી પાણી વરસાવ્યુ હતુ. પોણા ત્રણ ઈંચ વરસાદના લીધે શહેર પાણી પાણી થઈ ગયુ હતુ. વરસાદના લીધે અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. જયારે માટી પોલાણના લીધે વાહનો પણ ફસડાઈ પડયા હતા. રાત્રિના સમયે ધોધમાર વરસાદ વરસવાનુ શરૂ થતા મોસમનો નઝારો બદલાઈ ગયો હતો. સેકટરોના આંતરિક માર્ગો સહીત સેકટરોના કોમન પ્લોટમાં જળબંબાકાની સ્થિતિ સર્જાઈ હતી. વિલંબના અંતે પધારેલા મોંઘેરા મેઘરાજાના આગમનથી જનજીવન ખુશહાલ બન્યુ હતુ. નગરજનોએ વરસાદમાં ભીંજાવાની મજા માણી હતી. ચોમાસાની સિઝનનો અત્યાર સુધી પ્રથમવાર ૩ ઈંચ જેટલો વરસાદ વરસતા સાર્વત્રિક ઠંડક પ્રસરી હતી. વરસાદના લીધે જનજીવન પ્રભાવિત થયુ હતુ. ધોધમાર વરસાદના લીધે દ્વિચક્રી વાહનચાલકો માર્ગો પર અટવાયા હતા. સેકટરોમાં કેટલાક ઠેકાણે સ્ટ્રીટ લાઈટો ડુલ થતા અંધારુ છવાયુ હતુ. જયારે સ્ટોર્મ વોટર લાઈનની કામગીરીના અંતે યોગ્ય માટી પુરાણ ન થતા સેકટરોમાં માર્ગોની આસપાસ માટીપોલાણ



થતા મોટા ગાબડા અસ્તિત્વમાં આવ્યા હતા. સે-૩ માં પણ વૃક્ષ ધરાશાયી થતા માર્ગ વચ્ચે આડશ સર્જાઈ હતી. ત્રણ ઈંચ વરસાદમાં શહેરના સેકટરો ઘમરોળાતા વૃક્ષો ધરાશાયી થવાની સાથે માર્ગો પર પણ કેટલાક ઠેકાણે ગાબડા પડયા હતા. કુડાસણ અને સરગાસણ ચોકડી પાસે માર્ગો આસાપાસ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં રાત્રે કાચુ સોનુ વરસ્યુ

ગાંધીનગર, તા. ૪

ગઈકાલે મોડી સાંજથી શરૂ થયેલી મેઘસવારીએ સારા જિલ્લામાં મ્હેર વર્સાવી અને ધરતીપુત્રોને ખુશ કરી દીધા હતા. માણસામાં આજે સવારે છ વાગ્યા સુધીમાં સવા પાંચ ઈંચ વરસાદ તો કલોલમાં અઢી ઈંચ, ગાંધીનગર તાલુકામાં ૨ ઈંચ અને દહેગામમાં ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે.

જિલ્લાભરમાં કાચા સોના જેવા વરસાદને કારણે ખેડૂતોમાં ખુશીની લ્હેર જોવા મળી રહી છે. ખરીફ ઋતુની પુનઃ વાવણીની કામગીરીમાં આજથી ખેડૂતો જોતરાયા છે. જોકે દિવેલા, મગ અને અડદ તેમજ શાકભાજી અને ઘાસચારાના વાવેતર પર જ ખેડૂતોનો ઝોક રહેશે.

રાત્રિના સમયે થયેલી મેઘ મ્હેર પછી તંત્રએ પણ રાહતનો દમ લીધો છે. જિલ્લામાં હવે પાંચ ઈંચ

**માણસામાં પાંચ ઈંચ તો અન્ય ત્રણેય તાલુકામાં બે થી ત્રણ ઈંચ વરસાદ : ખેડૂતોમાં ખુશીની લ્હેર**

કરતાં વધુ વરસાદ થઈ જવા પામ્યો છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં આજે સવાર સુધીમાં સિઝનનો ૩૫.૨૮ ટકા વરસાદ નોંધાયો છે. જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન ત્રણ ઈંચથી સાડા ત્રણ ઈંચ સરેરાશ વરસાદ થયો છે.

જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાકમાં અર્થાત રવિવાર સવાર સુધીમાં દહેગામ તાલુકામાં ૩૦૨ મી.મી., ગાંધીનગર તાલુકામાં ૧૭૦ મી.મી., કલોલમાં ૨૮૮ મી.મી. તો માણસા તાલુકામાં ૩૨૫ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં સિઝનનો સરેરાશ વરસાદ ૭૬૯ મી.મી. વરસાદ છે. તેની સામે અત્યાર સુધીમાં સરેરાશ ૨૭૧ મી.મી. વરસાદ થઈ જવા પામ્યો છે.

શનિવારે રાત્રે પડેલા વરસાદને કારણે ગ્રામ્ય તળાવોમાં નવા પાણીની આવક થવા પામી છે. તેમજ કૃષિ માટે કાચા સોના જેવો વરસાદ થતાં ખેડૂતોમાં ખુશીની લ્હેર પ્રસરી જવા પામી છે. ગ્રામીણ વિસ્તારોમાં ઠેર ઠેર પાણી ભરાઈ જવાની બાબતો પણ ધ્યાને આવી છે. જોકે ભારે વરસાદને કારણે કોઈ જાનહાનિ થઈ નહિ હોવાના અહેવાલો છે.

ગાંધીનગર જિલ્લામાં જે ખરીફ ઋતુની વાવણી સ્થગિત થઈ હતી તે આજથી પુનઃ શરૂ થવા પામી છે.

ટકાવારીમાં જોઈએ તો દહેગામમાં સિઝનનો ૩૭.૩૭ ટકા વરસાદ નોંધાયો છે. ગાંધીનગરમાં ૨૪.૧૪ ટકા, કલોલમાં ૩૭.૧૩ ટકા અને માણસામાં ૪૦.૫૬ ટકા વરસાદ નોંધાયો છે.

## લાકરોડા વિયરમાંથી ૫૦૦ ક્યુસેક પાણી છોડાઈ રહ્યુ છે

ગાંધીનગર જિલ્લાના માણસા તેમજ અરવલ્લી જિલ્લામાં અને સાબરકાંઠા જિલ્લામાં ગઈકાલે રાત્રે પડેલા વરસાદને પગલે આજે લાકરોડા વિયરમાંથી ૫૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યુ છે.

જો કે આ પાણી ગાંધીનગર સુધી પહોંચી શકશે નહિ કારણ કે નદીમાં જ તે રેલાઈ જશે તેમ મનાઈ રહ્યું છે. સાબરમતી નદી હજુ બે કાંઠે થઈ નથી. સાબરમતી નદીનો પટ મોટો હોવાથી આ પાણી રેલાઈ જશે અને પાણી તેની તરસી ધરા પી જશે તેવુ નિષ્ણાતોનું માનવુ છે.

## માણસામાં ૧૩૨ લોકોનું સ્થળાંતર કરાવવામાં આવ્યુ

ગાંધીનગર, તા. ૪

ગઈકાલે રાત્રે માણસામાં થયેલા ભારે વરસાદને કારણે ૧૩૨ લોકોનું સ્થળાંતર કરાવવાનો નિર્ણય જિલ્લાતંત્રએ રાત્રે જ લીધો હતો. આજે સવારે વરસાદ થંભી જતાં આ લોકો પુનઃ પોતાના ઘરે ગયા હતા. ૪૦ થી ૫૦ જેટલા લોકો સ્થળાંતર કરાયેલા સ્થળે જ બપોર સુધી રોકાયા હતા અને આ પછી બપોરે તંત્રે તેમના માટે ભોજનની વ્યવસ્થા કરી હતી. જો કે બપોર બાદ તમામ લોકો તેમના ઘરે પરત ગયા હતા.

માણસા તાલુકામાં ગઈકાલે રાત્રે સવા પાંચ ઈંચ વરસાદ થતાં માણસાના તળાવોમાં નવા પાણીની આવક થઈ હતી. તળાવ કિનારે વસેલા ગરીબ પરિવારોનું તંત્રએ તાત્કાલિક સ્થળાંતર કરાવ્યુ હતુ.

# શહેરમાં માત્ર અઢી ઈંચ વરસાદથી ડિઝાસ્ટર પ્લાનની પોલ ખુલી

**ડિઝાસ્ટર પ્લાન માત્ર પોથીમાના રીંગણા જેવો જ સાબિત થયો : વિવિધ સેક્ટરોની ફૂટપાથો તુટી પડી તો ઠેર ઠેર ભુવા પડ્યા : 'ચ' રોડ ધોવાયો**









ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં ગઈકાલે થયેલા અઢી ઈંચ જેટલા વરસાદને પગલે જ મનપાએ તૈયાર કરેલ ડિઝાસ્ટર મેનેજમેન્ટની પોલ ખુલ્લી પડી જવા પામી છે.

શહેરના જુના અને નવા સેક્ટરોમાં ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા. એટલુ જ નહિ પણ ફૂટપાથોનું કામો જે નબળુ થવા પામ્યુ છે તે તુટી ગયેલી આજે સવારે જોવા મળી હતી.

શહેરના સે. ૨૩માં તો પુરાણનું કામ બરાબર થયુ ન હોવાને કારણે રેતી એટલી હદ સુધી બેસી ગઈ હતી કે આખીને આખી ગાડીઓ આ પડેલા ખાડાઓમાં ઉતરી ગઈ હતી. વાહન માલિકોએ સવારે ક્રેઈન બોલાવી તે બહાર નિકાળવી પડી હતી. સે. ૨૪માં પણ પાણી ભરાઈ જવા પામ્યા હતા તો સે. ૨૬ અને ૨૭માં તો ફૂટપાથો તુટી જવા ઉપરાંત ગટરની આસપાસ ભુવાઓ પડી જતાં લોકોમાં ભયની લાગણી વ્યાપી જવા પામી છે. સે. ૨૨માં પંચદેવ મંદિર પાસે તેમજ ચ-ટાઈપ નજીક મોટા ભુવા પડતાં રાત્રે જ જેસીબીની મદદથી માટી નાખવી પડી હતી. 'ચ' ટાઈપ નજીક પડેલા ભુવામાં તો ગાય ફસાઈ જવા પામી હતી. રાત્રે ભારે જહેમત પછી તેને બહાર હેમખેમ કાઢવામાં સફળતા મળી હતી.







ગાંધીનગર શહેરમાં રંગમંચોના કરાયેલા રિનોવેશન પછી તે કેમ્પસમાં પણ પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાના અભાવે પાણી ભરાઈ જવા પામ્યા હતા.

શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ જવાની ઘટનાઓ બની હતી. સે. ૨૨ના શોપીંગ પાસે જ્યાં કામચલાઉ ફાયરસ્ટેશન ઉભુ કરાયુ છે ત્યાં તો જાણે તળાવ બનાવ્યુ હોય તેવી સ્થિતિ થઈ જવા પામી છે.

શહેરમાં વરસાદી પાણીના ત્વરિત નિકાલ માટેની વ્યવસ્થા માટે ડિઝાસ્ટર પ્લાન બનાવાયો છે પણ ચ-રોડ અને ઘ-રોડ પર પાણીના નિકાલની વ્યવસ્થા ખોરવાઈ ગઈ હોય તેવુ ચિત્ર ઉપસ્યુ છે. જિલ્લા પંચાયત સહિત એક્ઝીબીશન સેન્ટરમાં પણ પાણી ભરાઈ જવા પામ્યુ હતુ.

'ચ'રોડ પર ચ-૨ થી ચ-૦ના માર્ગ પર કોક્રીંટ ઉખડી ગઈ હતી અને તેને કારણે રોડ ખરબચડો બની ગયો હતો. આ ઉપરાંત ઘણા સેક્ટરો ખાસ કરીને સે. ૨૨માં તો રોડ એટલા બધા ધોવાઈ જવા પામ્યા છે કે તે માટે હવે નવેસરથી ડામરીંગનું કામ કરવુ પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે.

આમ શહેર માટે બનાવાયેલ ડિઝાસ્ટર પ્લાન પોથીના રીંગણા જેવો સાબિત થયો છે. શહેરમાં ફૂટપાથોનું નબળુ કામ થતાં લોકોમાં ભયની લાગણી ઉભી થવા પામી છે.

## સે-૨૬ કિસાનગરમાં વરસાદે નવ નિર્મિત ફુટપાથને ફંગોળી નાખી

**સ્ટોર્મ વોટર લાઇનના ખોદકામ બાદ યોગ્ય માટી પુરાણ ન થયુ હોવાથી નવનિર્મત ફુટપાથમાં પોલાણ થતા બેસી ગઇ : સેકટરોમાં પણ અનેકઠેકાણે માટીપોલણના લીધે ભયજનક ગાબડા**







ગાંધીનગર તા ૪

શહેરમાં ગઈકાલે રાત્રિના ભારે વરસાદના લીધે સેકટરોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી .જયારે વરસાદના લીધે સેકટરોમાં પણ ભુવા પડવા સહીતની ભયજનક સમસ્યાઓ ઠેર ઠેર જોવા મળી રહી છે. મોટાભાગે સેકટરોમાં વરસાદી પાણીના નિકાલ માટે લાઈનની કામગીરી અન્વયે હાથ ધરાયેલા ખોદકામના અંતે યોગ્ય માટીપુરાણ ન થતા માટીપોલાણ થવાના લીધે મોટામસ ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જયારે વરસાદી દિવસોમાં કાદવ કીચ્ચડ વચ્ચે ગંદકીની સાથે મોટા માર્ગો આસાપાસ માટી પોલાણના લીધે મોટા ખાડ ગમે ત્યારે અક્સ્માતનુ કારણ બને તેવી દહેશત વચ્ચે સ્થાનિક રહીશોમાં ભયની લાગણી પ્રવર્તી છે. બીજીતરફ ગઈકાલે રાત્રિના શહેરમાં માત્ર ત્રણ ઈંચ વરસાદના અંતે મોટીમસ સમસ્યાઓ ઉદભવી છે. શહેરના સેકટરોમાં ફુટપાથ પણ પોલાણ થવાના લીધે બેસી જતા ભયજનક દ્રશ્યો સર્જાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com